તા/૧/૪/૦૫ કે ત્યારબાદ કેન્દ્ર સરકારની સેવા અથવા કેન્દ્ર સરકારની હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓની સેવાઓ રાજ્ય સરકારની સેવાઓ સાથે જોડતા નવી વર્ધિત પેન્શન યોજનાની કપાત બાબત

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી(પા.ફા.-૪)

સચિવાલય, ગાંધીનગર

**તા. ૨૦/૧૦/૨૦૧૪**

**વંચાણે લીધા** : ૧. નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫, તા. ૬/૯/૨૦૦૫ તથા તા. ૧૦/૪/૧૩ ના સમાનાંકી ઠરાવો

ઉકત વંચાણે લીધેલ તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવથી તા.૧/૪/૨૦૦૫ પછી રાજ્ય સરકારની સેવામા જોડાતા કર્મચારીઓને ન્યુ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવામા આવેલ છે. વંચાણે લીધેલ તા.૬/૯/૦૫ તથા તા.૧૦/૪/૧૩ ના ઠરાવોથી અનુક્રમે તા.૧/૪/૨૦૦૫ પહેલા રાજ્ય સરકારની સેવામા તથા તા.૩૧/૧૨/૨૦૦૩ પહેલાં કેન્દ્ર સરકારની સેવાં અથવા કેન્દ્ર સરકાર હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓમાં ફરજ બજાવનાર કર્મચારીને ઠરાવની અન્ય જોગવાઈઓને આધીન જૂની પેન્શન યોજનામાં ગણવાનું નિયત થયેલ છે.

તા.૧૦/૪/૧૩ નો ઠરાવ થતા તા.૧/૪/૨૦૦૫ બાદ કેન્દ્ર સરકારની સેવામાંથી રાજ્ય સરકારની સેવામાં જોડાતા કર્મચારીઓ દ્વારા તેઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા રજૂઆત કરવામા આવે છે. આ કર્મચારીઓ પૈકી ઘણાં કર્મચારીને નવી વર્ધિત પેન્શન યોજના(NPS) લાગુ પાડવામાં આવેલ છે તથા યોજના મુજબ તેઓની કપાત પણ શરૂ થઈ ગયેલ છે. આ કર્મચારીઓને દર્શાવેલ ઠરાવોની જોગવાઈને આધીન જો જૂની પેન્શન યોજનાનો લાભ આપવામા આવે તો તેઓની નવી વર્ધિત પેન્શન યોજના હેઠળની કપાત અંગે તેવા કર્મચારીઓના કિસ્સામા, કાળજીપૂર્વક વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામા આવે છે.

**ઠરાવ:-**

(૧) કર્મચારીના નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળના ખાતામાં કુલ જમા રકમ પૈકી જે તારીખે રકમ G.P.F. માં લઈ જવામાં આવે તે તારીખે જમા રકમ ધ્યાને લઈ તેના ૫૦% રકમ કર્મચારીના G.P.F. ખાતામાં તથા ૫૦% રકમ સરકારમાં પરત લેવામાં આવશે.

(૨) જે કર્મચારી/અધિકારીઓના G.P.F. એકાઉન્ટસ બંધ થયેલ છે તથા તે રકમ ઉપાડી લીધેલ છે તેવા કર્મચારી/અધિકારીઓએ ઉપાડેલ G.P.F. ની રકમ વ્યાજ સહિત તેઓના જૂના G.P.F. એકાઉન્ટસ પુન: ચાલુ કરાવી તેમાં જમાં કરવાની રહેશે. આ રીતે રકમ પરત લીધાની નોંધ કર્યા બાદ જ સેવા સળંગ ગણવાના હુકમો કરવાના રહેશે તથા ઉકત બાબતની નોંધ સેવાપોથીમાં અવશ્ય કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એસ.મીસ્ત્રી)
સેકશન અધિકારી
નાણા વિભાગ

(P.T.O.)

**પ્રતિ:**

નકલ રવાના પ્રતિ,

- માન. રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
  માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,
  એકાઉન્ટન્ટ જનરલ કચેરી, અમદાવાદ/રાજકોટ,
  પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
  સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
  સિલેકટ ફાઈલ પી શાખા
  - પત્ર દ્વારા